*This Question Paper contains 16 printed pages.*

| પ્રશ્નપુસ્તિકાનો કોડ |
|---|
| **Question Paper Booklet Code** |
| **01** |

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

# (General Knowledge)

***Time : 90 Minutes]*** ***[Maximum Marks : 100***

<u>ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :</u>

1) દરેક પ્રશ્નોના સરખા માર્ક્સ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) સૌ પ્રથમ પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડયા વગર, તેમાં સામેલ (Inserted) ઉત્તરવહી (OMR Sheet) કાળજીપૂર્વક બહાર કાઢવાની રહેશે. આ ઉત્તરવહી (OMR Sheet) માં કરચલી પડે નહી કે વળે નહી તેની ખાસ કાળજી લેવી.

3) ઉમેદવારે ઉપરોકત પ્રશ્ન પુસ્તિકાનો કોડ અને ક્રમાંક તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે અને જો દર્શાવવામાં નહી આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વંચાણે લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.

4) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલ્કયુલેટર, વિજ્ઞાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવાર પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને પૂછવાનો રહેશે. તેમજ પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલીક વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.

6) ઉત્તરવહી ભરવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેન વાપરવાની રહેશે.

7) દરેક સાચા ઉત્તર(જવાબ) નો 01(એક) માર્ક્સ છે. ઉત્તરવહીમાં જો કોઈપણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઈ માર્ક્સ મળશે નહી અને કપાશે પણ નહી. જ્યારે દરેક ખોટા ઉત્તર દીઠ 0.25 માર્ક્સ નેગેટીવ (-) માર્ક્સ તરીકે કપાત કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

8) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણવામાં આવશે. આ ઉપરાંત વર્તુળમાં કોઈપણ પ્રકારની છેકછાક કરેલ જવાબોને પણ ખોટા જવાબો ગણવામાં આવશે. આવા ખોટા જવાબો દીઠ 0.25 માર્ક્સ નેગેટીવ (-) માર્ક્સ તરીકે કપાત કરવામાં આવશે જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવું. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

9) ઉત્તરવહીના કોઈ વર્તુળ (A,B,C,D જવાબ) માં ભુલથી પણ ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લઈ શકે છે. જેથી તમામે ઉત્તરવહી (OMR Sheet) માં સાવધાનીથી પેનનો ઉપયોગ કરવા ગંભીર નોંધ લેવી.

10) પરીક્ષા દરમ્યાન વર્ગખંડ નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે તેમાં ઉમેદવારે પોતાની ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભરી હાજરી પત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.

11) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં કરી શકાશે.

12) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં છે. પરીક્ષા પૂર્ણ થયા પછી ઉત્તરવહી (OMR Sheet) માંની ત્રીજી ઉમેદવાર કોપી (Candidate's Copy) વર્ગખંડ નિરીક્ષક (Invigilator) અલગ કરી ઉમેદવારને આપશે. જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે જાતે આ ત્રીજી કોપી અલગ પાડવી નહી. જેની ખાસ નોંધ લેવી.



PariksaPath . pariksapath.in

1) ભારતીય ચુટણી પંચ મુજબ નીચેનામાંથી ક્યો પક્ષ રાષ્ટ્રીય રાજકીય પક્ષ નથી ? **ANSWER - D**

(A) નેશ્નોલીસ્ટ કોંગ્રેસ પાર્ટી (B) ઑલ ઈન્ડિયા તૃણમુલ કોંગ્રેસ

(C) બહુજન સમાજ પાર્ટી (D) સમાજવાદી પાર્ટી

2) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)મુજબ નીચેનામાંથી કયા રાષ્ટ્રો મલેરિયાથી મુક્ત છે ? **ANSWER - D**

(A) ભારત અને શ્રીલંકા (B) શ્રીલંકા અને પાકિસ્તાન

(C) પાકિસ્તાન અને માલ્દીવ (D) શ્રીલંકા અને માલ્દીવ

3) રિયો પૅરા ઓલમ્પિકનાં કઈ રમતમાં દેવેન્દ્ર જાજરીયાએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો? **ANSWER - C**

(A) ડિસ્કસ થ્રો (B) શોટ પુટ

(C) જેવલીન થ્રો (D) હેમર થ્રો

4) ભારત સરકારે સ્વચ્છ ભારત અભિયાનના માસ્કોટ રૂપે કોને જાહેર કર્યા છે ? **ANSWER - D**

(A) હેમલત્તા મુખર્જી (B) અર્પના જીતમલ

(C) જ્યોત્સના કરપરીયા (D) કુંવરબાઈ

5) રિયો ઓલમ્પિકમાં કઈ મહિલા ગોલ્ફરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું ? **ANSWER - A**

(A) અદિતી અશોક (B) દિપીકા લહરી

(C) સાક્ષી સૉનેવાલ (D) ગંજમ શ્રીવાસ્તવ

6) નીચેનામાંથી કોને હાલમાં આઈ.આઈ.એમ.અમદાવાદનાં ચૅરમેન નિયુક્ત કરવામાં આવ્યા છે ? **ANSWER - C**

(A) રતન તાતા (B) ગૌતમ અદાણી

(C) કુમાર મંગલમ બિરલા (D) ઈલા ભટ્ટ

7) રીઝર્વ બેન્કના ગર્વનર ઉર્જિત પટેલ મૂળ કયા જિલ્લાના વતની છે ? **ANSWER - D**

(A) અમરેલી (B) ભાવનગર

(C) સુરત (D) ખેડા

8) હાલમાં અમદાવાદમાં યોજાયેલી કબડ્ડી વિશ્વ કપની ફાઈનલમાં ભારતે કયા દેશને હરાવ્યો ? **ANSWER - B**

(A) પાકિસ્તાન (B) ઈરાન

(C) ઈરાક (D) બાંગ્લાદેશ



ParikaPath . pariksapath.in

**9)** નીચેનામાંથી કયા રાજ્યમાં ઈલેક્ટ્રોનિક સિગરેટ પર પ્રતિબંધ છે ? **ANSWER - A**

(A) કેરળ (B) આંધ્ર પ્રદેશ
(C) આસામ (D) દિલ્હી

**10)** પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલય આજના કયા રાજ્યમાં આવે છે ? **ANSWER - B**

(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર
(C) ઝારખંડ (D) મધ્યપ્રદેશ

**11)** લોઢા સમિતીની રચના કોણે કરી હતી? **ANSWER - B**

(A) બિસીસીઆઈ (B) સર્વોચ્ચ અદાલત
(C) આઈસીસી (D) કેન્દ્રના રમતગમત મંત્રાલય

**12)** જલ્લીકટ્ટુ એટલે શું ? **ANSWER - A**

(A) બળદ આધારિત એક રમત (B) એક પ્રાર્થના
(C) તરવાની એક સ્પર્ધા (D) બોક્સીંગ સ્પર્ધા

**13)** નમ્મા મેટ્રો તે કયા શહેરની મેટ્રો સેવા છે ? **ANSWER - D**

(A) હૈદરાબાદ (B) કોલકાતા
(C) વિશાખાપટ્ટનમ (D) બેંગ્લુરુ

**14)** હાલમાં કયા રાજ્યમાં સુરક્ષિત પીવાનું પાણી પાઈપલાઈનથી ઉપલબ્ધ કરાવવાની યોજના મિશન ભગીરથનો આરંભ કરવામાં આવ્યો હતો.? **ANSWER - C**

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર
(C) તેલંગાણા (D) તમિલનાડુ

**15)** ભારતની સમય રેખા નીચેનામાંથી કઈ છે ? **ANSWER - C**

(A) $62.5^{o}$ પૂર્વ રેખાંશ (B) $72.5^{o}$ પૂર્વ રેખાંશ
(C) $82.5^{o}$ પૂર્વ રેખાંશ (D) $92.5^{o}$ પૂર્વ રેખાંશ



PariksaPath . pariksapath.in

16) તિરોટસિંહ એક સ્વતંત્રતા સેનાની હતા. તે કયા રાજ્યના હતાં ? **ANSWER - C**

(A) હિમાચલ પ્રદેશ (B) મણિપુર
(C) મેઘાલય (D) ત્રિપુરા

17) ધ્યાનચંદ એક સુપ્રસિદ્ધ ખેલાડી હતા. તે કઈ રમત રમતા હતાં ? **ANSWER - C**

(A) બેડમિંટન (B) કબડ્ડી
(C) હૉકી (D) ફૂટબૉલ

18) ''બેટી બચાઓ બેટી પઢાઓ'' અભિયાન માટે હાલમાં નીચેનામાંથી કોને બ્રાન્ડ ઍમ્બેસેડર જાહેર કરવામાં આવ્યા છે. **ANSWER - C**

(A) સાનિયા મિર્ઝા (B) સાઈના નેહવાલ
(C) સાક્ષી મલ્લિક (D) જ્વાલા ગુટ્ટા

19) નીચેનામાંથી સૌથી નાનું શું છે ? **ANSWER - C**

(A) ક્રિકેટ બૉલ (B) હૉકી બૉલ
(C) સ્ક્વૉશ બૉલ (D) ટેનિસ બૉલ

20) નીચેનામાંથી કયું સ્થળ અશોક સ્તંભથી જોડાયેલું છે ? **ANSWER - A**

(A) સાંચી (B) ખજૂરાહો
(C) માંડુ (D) છત્રી

21) કોમ્પ્યૂટર મોનિટરને ........... પણ કહેવાય છે. **ANSWER - B**

(A) DVU (B) VDU
(C) UVD (D) CCTV

22) કોમ્પ્યૂટરની મૅમરીના એકમને ચઢતા ક્રમમાં ગોઠવો: **ANSWER - C**

(A) TB > MB > GB > KB (B) MB > GB > TB > KB
(C) TB > GB > MB > KB (D) GB > MB > KB >TB

23) નીચેનામાંથી કયું સાચુ નથી ? **ANSWER - C**

(A) ડિલીટ કરેલી ફાઈલ રિસાઈકલ બિનમાં મળે છે.
(B) રિસાઈકલ બિનમાંથી કોઈપણ ફાઈલને રિસ્ટોર કરી શકાય છે.
(C) ફાઈલોને રિસાઈકલ બિનમાં મોકલી ડિસ્કની ફ્રી સ્પેસ વધારી શકાય છે.
(D) Right Click દબાવીને "empty recycle bin" ચયન કરતાં એક વારમાં તે ક્લીયર થઈ જાય છે.



PariksaPath . pariksapath.in

24) નીચેનામાંથી ક્યો એપ્લીકેશન સોફ્ટવેર નથી ? **ANSWER - A**

(A) વિન્ડોઝ NT (B) પેજ મેકર

(C) વિનવર્ડ XP (D) ફોટોશોપ

25) ક્યો પ્રોગ્રામ મોટી ફાઈલને નાની ફાઈલમાં કમ્પ્રેસ કરી નાખે છે. **ANSWER - A**

(A) Winzip (B) Winspread

(C) Winstyle (D) Winmicro

26) નીચેનામાંથી કઈ ઑપરેટીંગ સિસ્ટમ નથી ? **ANSWER - D**

(A) DOS (B) Linux

(C) Windows (D) Oracle

27) રિસાઈકલ બિનમાં ફાઈલનો સંગ્રહ કર્યા વિના કેવી રીતે ડિલીટ કરી શકાય છે ? **ANSWER - B**

(A) Press Delete key (B) Press Shift + Delete key

(C) Press Ctrl + Delete key (D) Press Alt + Delete key

28) Virtual memory સામાન્ય રીતે .......... માં સ્થિત હોય છે. **ANSWER - A**

(A) RAM (B) CPU

(C) Flash card (D) Hard Drive

29) તમે માઉસનું સેટીંગ ક્યાંથી બદલી શકો છો ? **ANSWER - C**

(A) Setting >> mouse (B) Hardware setting

(C) Control Panel >> mouse (D) આ ત્રણમાંથી એકપણ નહીં

30) ઈન્ટરનેટ એક્સપ્લોરર : **ANSWER - D**

(A) તે એક ઈન્ટરનેટ બ્રાઉઝર છે.

(B) તેને વિન્ડોઝ OS ઉપલબ્ધ કરાવે છે.

(C) વર્લ્ડવાઈડ વેબ માટે એક્સેસ પૉઈન્ટ છે.

(D) આપેલા તમામ



ParikşaPath . pariksapath.in

**31)** સક્રિય વિન્ડોને બંધ કરવા માટે વપરાતી કિ કઈ છે ? **ANSWER - A**

(A) Ctrl + F4 (B) Ctrl + F5

(C) Alt + F6 (D) Alt + F7

**32)** નોટપેડનું ડિફોલ્ટ ફાઈલ એક્સટેન્શન શું છે ? **ANSWER - C**

(A) .doc (B) .html

(C) .txt (D) .tif

**33)** MS Window ઑપરેટીંગ સિસ્ટમનો આરંભ ક્યારે થયો હતો ? **ANSWER - B**

(A) 1975 (B) 1985

(C) 1995 (D) 2000

**34)** પૃથ્વીની અંદાજીત પરિઘ કેટલો છે ? **ANSWER - C**

(A) 25,000 કિમી (B) 16,000 કિમી

(C) 40,000 કિમી (D) 50,000 કિમી

**35)** ભારત માટે સમુદ્રી માર્ગની શોધ કોણે કરી ? **ANSWER - A**

(A) વાસ્કો દ ગામા (B) કોલમ્બસ

(C) મૈગલન (D) સર હૉપકિન્સ

**ANSWER - D**

**36)** વિશ્વમાં બીજા ક્રમે આવતો ઊંચી ટોચવાળો પહાડ કયો છે ?

(A) નંગા પર્વત (B) નંદા દેવી

(C) એન્ડીસ (D) ગૉડવીન ઑસ્ટીન

**37)** સૂર્યથી ગ્રહોના વધતા અંતરના પ્રમાણે તેમને ગોઠવો. **ANSWER - C**

1) શુક્ર 2) મંગળ

3) પૃથ્વી 4) બુધ

(A) 3, 2, 4, 1 (B) 1, 3, 4, 2

(C) 4, 1, 3, 2 (D) 4, 1, 2, 3



PariksaPath . pariksapath.in

**38)** પૃથ્વીની ફરવાની દિશા .................... છે. **ANSWER - A**

(A) પશ્ચિમ થી પૂર્વ (B) પૂર્વ થી પશ્ચિમ

(C) ઉત્તર થી દક્ષિણ (D) દક્ષિણ થી ઉત્તર

**39)** ભૂમધ્ય રેખા, કર્કવૃત્ત અને મકરવૃત્ત ત્રણેય કયા ખંડમાંથી પસાર થાય છે ? **ANSWER - D**

(A) ઓસ્ટ્રેલિયા (B) ઉત્તર અમેરીકા

(C) દક્ષિણ અમેરીકા (D) આફ્રિકા

**40)** પાણીવાળા બીકરમાં બરફ ઓગળતા, બીકરમાં પાણીનું સ્તર ..... **ANSWER - C**

(A) વધશે (B) ઘટશે

(C) સમાન રહેશે (D) પહેલા વધશે પછી ઘટશે

**41)** ધ્વનિની ઝડપ ............. માં સૌથી અધિક હોય છે. **ANSWER - B**

(A) શૂન્યાવકાશ (B) પિત્તળ

(C) પાણી (D) વાયુ

**42)** પાણીની ઘનતા કયા તાપમાન પર અધિકતમ હોય છે ? **ANSWER - C**

(A) ઓરડાનું સામાન્ય તાપમાન (B) $0^o$ સે.

(C) $4^o$ સે. (D) $6^o$ સે.

**43)** વિટામીન C નું રાસાયણિક નામ ................ છે. **ANSWER - B**

(A) સાઈટ્રીક એસીડ (B) એસ્કોર્બિક એસીડ

(C) ઑક્ઝેલીક એસીડ (D) નાઈટ્રીક એસીડ

**44)** ગોબર ગેસનું મુખ્ય તત્ત્વ ................... છે. **ANSWER - A**

(A) મિથેન (B) ઈથેન

(C) પ્રોપેન (D) ક્લોરીન



PariksaPath . pariksapath.in

45) એસિડીક ખોરાકની જાળવણી (Preservation) માટે ............... નો ઉપયોગ થાય છે. ANSWER - D

(A) પોટેશિયમ પરમૅન્ગનેટ (B) બોરીક એસીડ

(C) સોડીયમ ક્લોરાઈડ (D) સોડીયમ બેન્ઝોનેટ

46) બધાં એસીડમાં કયુ તત્ત્વ હોય જ છે ? ANSWER - C

(A) ક્લોરીન (B) ઓક્સિજન

(C) હાઈડ્રોજન (D) આયોડીન

47) હાડકાં અને દાંતનો મુખ્ય ઘટક કયો છે ? ANSWER - B

(A) કેલ્શિયમ કાર્બોનેટ (B) કેલ્શિયમ ફોસ્ફેટ

(C) કેલ્શિયમ સલ્ફેટ (D) કેલ્શિયમ નાઈટ્રેટ

48) મેલેરીયા રોગ શરીરના કયા અંગને અસર કરે છે ? ANSWER - C

(A) હૃદય (B) ફેફસાં

(C) બરોળ (D) મૂત્રપિંડ

49) કયા વિટામીનની ખામી આંખને નુકસાન કરે છે ? ANSWER - C

(A) વિટામિન B (B) વિટામિન C

(C) વિટામિન A (D) વિટામિન D

50) લાલ રક્ત કણોનો સામાન્ય જીવન કાળ કેટલો હોય છે ? ANSWER - B

(A) 30-40 દિવસ (B) 100-120 દિવસ

(C) 360 દિવસ (D) 10 કલાક

51) ................. ની ખામીના કારણે મધુપ્રમેહ થાય છે. ANSWER - B

(A) શર્કરા (B) ઈન્સુલીન

(C) કેલ્શિયમ (D) વિટામીન



PariksaPath . pariksapath.in

52) ઈન્કલાબ ઝિંદાબાદનું સૂત્ર કોણે આપ્યું હતું ?

(A) ઈકબાલ (B) સુભાષ ચંદ્ર બોઝ

(C) ભગત સિંહ (D) ચંદ્ર શેખર આઝાદ

પ્રશ્ન ક્રમાંક : ૫૨ ના ૧ (એક) ગુણ તમામને મળવાપાત્ર થશે.

53) પ્લાસીનું રણક્ષેત્ર કયા રાજ્યમાં આવેલુ છે ? ANSWER - D

(A) બિહાર (B) આંધ્ર પ્રદેશ

(C) ઓરિસા (D) પશ્ચિમ બંગાળ

54) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની રચનાના સમયે ભારતનાં વાઈસરોય કોણ હતાં ? ANSWER - B

(A) લોર્ડ કેનીંગ (B) લોર્ડ ડફરીન

(C) લોર્ડ મેયો (D) લોર્ડ એલ્જીન

55) નીચેનામાંથી શેર એ પંજાબ તરીકે કોણ ઓળખાય છે ? ANSWER - B

(A) ભગત સિંહ (B) લાલા લજપત રાય

(C) ચંદ્ર શેખર આઝાદ (D) લાલા હરદયાલ

56) 2011 ની વસ્તી ગણતરી મુજબ, વિશ્વની કુલ વસ્તીમાં ભારતનો ભાગ કેટલો છે ? ANSWER - C

(A) 10% થી ઓછો (B) 10% - 15% ની વચ્ચે

(C) 15% થી 20% ની વચ્ચે (D) 20% થી વધુ

57) નીચેના કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોની વસ્તી સૌથી ઓછી છે ? ANSWER - D

(A) દાદરા અને નગર હવેલી (B) દમણ અને દીવ

(C) આંદામાન અને નિકોબાર ટાપુઓ (D) લક્ષદ્વીપ

58) ............. માં રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્ પ્રથમ વાર ગવાયું હતું. ANSWER - A

(A) INC નું 1896 સત્ર (B) INC નું 1912 સત્ર

(C) INC નું 1927 સત્ર (D) INC નું 1942 સત્ર



PariksaPath . pariksapath.in

59) ભારતનાં સંક્ષિપ્ત રાષ્ટ્રીય ગીતને ગાવા માટે કેટલો સમય લાગે છે ?  **ANSWER - C**

(A) 12 સેકન્ડ (B) 15 સેકન્ડ

(C) 20 સેકન્ડ (D) 26 સેકન્ડ

60) ભારતીય રાષ્ટ્રીય ધ્વજની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર કેટલો છે ?  **ANSWER - B**

(A) 2 : 1 (B) 3 : 2

(C) 3 : 4 (D) 5 : 3

61) જો B કહે કે તેની માતા, Aની માતાની એકમાત્ર દીકરી છે, તો A નો B સાથે શું સંબંધ છે ?  **ANSWER - D**

(A) પુત્ર (B) પિતા

(C) દાદા (D) મામા

62) તમે ઉત્તર તરફ જઈ, જમણે વળી, પછી ફરી જમણે વળીને ડાબી તરફ વળો છો. હવે તમે કઈ દિશામાં છો ?  **ANSWER - C**

(A) ઉત્તર (B) દક્ષિણ

(C) પૂર્વ (D) પશ્ચિમ

63) રોહન ઉત્તર તરફ 3 કિમીનું અંતર ચાલે છે, પછી ડાબે વળીને 2 કિમી ચાલે છે. તે ફરી ડાબે વળીને 3 કિમી ચાલે છે. આ બિંદુએ તે ડાબે વળીને 3 કિમી ચાલે છે. તેના આરંભિક બિંદુથી હવે તે કેટલા કિલોમીટર દૂર છે ?  **ANSWER - A**

(A) 1 કિમી (B) 2 કિમી

(C) 3 કિમી (D) 5 કિમી

64) રમાકાંત ઉત્તર તરફ ચાલે છે. થોડી વાર પછી તે જમણે વળીને, પછી થોડો આગળ જઈને ડાબે વળે છે. 1 કિમીનું અંતર ચાલ્યા બાદ, તે ફરીથી ડાબે વળે છે. હવે તે કઈ દિશામાં જઈ રહ્યો છે ?  **ANSWER - D**

(A) ઉત્તર (B) દક્ષિણ

(C) પૂર્વ (D) પશ્ચિમ

પ્રશ્ન ક્રમાંક **65** થી **69** માટે :

છ વ્યક્તિઓ A, B, C, D, E અને F ગોળ ટેબલને ફરતે ટેબલના કેન્દ્ર તરફ મોઢુ રાખીને બેઠા છે.

1. A અને F ની વચ્ચે C બેઠો છે.
2. E ને જમણે એક જગ્યા છોડીને B બેઠો છે.
3. F ના ડાબે એક જગ્યા છોડીને D બેઠો છે.



PariksaPath . pariksapath.in

65) કયા બે વ્યક્તિઓની વચ્ચે D બેઠો છે ? **ANSWER - B**

(A) F અને B (B) E અને B

(C) C અને B (D) A અને B

66) A ની સામે કોણ બેઠું છે ? **ANSWER - D**

(A) F (B) C

(C) E (D) આપેલામાંથી કોઈપણ નહીં

67) નીચેનામાંથી કોણ A ની જમણી બાજુ બેઠો છે ? **ANSWER - A**

(A) E (B) F

(C) B (D) D

68) E ની સામે કોણ બેઠું છે ? **ANSWER - D**

(A) A (B) B

(C) C (D) F

69) કયા બે વ્યક્તિઓની વચ્ચે F બેઠો છે ? **ANSWER - C**

(A) C અને D (B) C અને A

(C) C અને B (D) D અને E

70) 8.30 કલાકે મિનીટ અને કલાકના કાંટા વચ્ચે ....... ખૂણો હશે. **ANSWER - C**

(A) 80° (B) 60°

(C) 75° (D) 105°

71) નીચેનામાંથી શ્રેણીમાં આગળ આવતી સંખ્યાને શોધો: **ANSWER - C**

4, 7, 11, 18, 29, 47, .................

(A) 63 (B) 72

(C) 76 (D) 80



PariksaPath . pariksapath.in

72) નીચેનામાંથી શ્રેણીમાં આગળ આવતી સંખ્યાને શોધો: **ANSWER - A**

2, 6, 12, 20, 30, .................

(A) 42 (B) 44

(C) 46 (D) 48

પ્રશ્ન ક્રમાંક **73** થી **78** માટે:

A, B, C, D, E અને F ગોળ ટેબલની ફરતે ટેબલના કેન્દ્ર તરફ મોઢુ રાખીને બેઠા છે.

1. A ની સામે B છે.
2. E ની જમણી બાજુ B છે.
3. C ની ડાબી બાજુ B છે.
4. D ની ડાબી બાજુ C છે.
5. A ની જમણી બાજુ F છે.

આ પછી D અને F એક બીજાની જગ્યાએ બેસે છે અને E અને B એક બીજાની જગ્યાએ બેસે છે.

**73)** D ની ડાબી બાજુ કોણ બેઠું છે ? **ANSWER - D**

(A) B (B) D

(C) E (D) A

**74)** C ની ડાબી બાજુ કોણ બેઠું છે ? **ANSWER - A**

(A) E (B) F

(C) A (D) B

**75)** A ની સામે કોણ બેઠું છે ? **ANSWER - A**

(A) E (B) F

(C) A (D) B

**76)** C ની સામે કોણ બેઠું છે ? **ANSWER - B**

(A) C (B) D

(C) B (D) A

**77)** B ની સામે કોણ બેઠું છે ? **ANSWER - D**

(A) A (B) C

(C) D (D) F



PariksaPath . pariksapath.in

**78)** B ની જમણી બાજુ કોણ બેઠું છે ? **ANSWER - B**

(A) F (B) E

(C) C (D) D

**79)** અમુક કોડમાં INSTITUTION ને NOITUTITSNI લખવામાં આવ્યું છે. તે કોડમાં PERFECTION કેવી રીતે લખાશે ? **ANSWER - D**

(A) N O I C T E F R E P

(B) N O I T C E F E R P

(C) N O I T C E F R P E

(D) N O I T C E F R E P

**80)** અમુક કોડમાં GIGANTIC ને GIGTANCI લખવામાં આવ્યું છે. તે કોડમાં MIRACLES કેવી રીતે લખાશે ? **ANSWER - B**

(A) M I R L C A E S (B) M I R L A C S E

(C) R I M C L A S E (D) R I M L C A E S

**81)** અમુક કોડમાં BOXER ને AQWGQ લખવામાં આવ્યું છે. તે કોડમાં VISIT કેવી રીતે લખાશે ? **ANSWER - B**

(A) U K R K U (B) U K R K S

(C) W K R K U (D) W K R K S

**82)** જો ROSE નો કોડ 6821, CHAIR નો કોડ 73456 અને PREACH નો કોડ 961473 હોય, તો SEARCH નો કોડ શું હશે ? **ANSWER - D**

(A) 246173 (B) 216473

(C) 214763 (D) 214673

**83)** અમુક કોડમાં SOCIAL ને TQFMER લખવામાં આવ્યું છે. તો તમે DIMPLE માટે શું કોડ લખશો ? **ANSWER - A**

(A) E K P T Q K (B) E K P Q P J

(C) E K P S P J (D) E K P S O H



ParikSaPath . pariksapath.in

84) શબ્દકોશમાં નીચેના પાંચ શબ્દોમાંથી પ્રથમ શબ્દ કયો આવશે ? **ANSWER - C**

SPINE, SPINAL, SPINNER, SPINET, SPINDLE

(A) SPINET (B) SPINNER

(C) SPINAL (D) SPINDLE

85) શબ્દકોશમાં નીચેના પાંચ શબ્દોમાંથી પ્રથમ શબ્દ કયો આવશે ? **ANSWER - B**

GRADINE, GRADIENT, GRADUATE, GRADING, GRADUAL

(A) GRADUAL

(B) GRADIENT

(C) GRADINE

(D) GRADUATE

86) નીચેનામાંથી કયો શબ્દ શબ્દકોશમાં છેલ્લો આવશે ? **ANSWER - D**

UNIMPORTANT, UNDERSTAND, UNNECESSARY, UNCERTAIN, UNETHICAL

(A) UNETHICAL

(B) UNIMPORTANT

(C) UNDERSTAND

(D) UNNECESSARY

87) નીચેનામાંથી કયો શબ્દ શબ્દકોશમાં છેલ્લો આવશે ? **ANSWER - C**

SPORT, SPOUSE, SPORADIC, SPROUT

(A) SPORADIC (B) SPOUSE

(C) SPROUT (D) SPORT

88) 60 મીટર લાંબી શેરીને પસાર કરવા માટે રમેશને 5 મિનીટ લાગે છે. તેની ઝડપ કેટલી છે ?

(A) 8.2 Kmph (B) 7.2 Kmph

(C) 9.2 Kmph (D) 10.2 Kmph

પ્રશ્ન ક્રમાંક: ૮૮ ના ૧ (એક) ગુણ તમામને મળવા પાત્ર થશે.



ParikSaPath . pariksapath.in

89) મોહન 10.2 કિમી અંતરને 3 કલાકમાં કાપે છે. 5 કલાકમાં તે કેટલું અંતર કાપી લેશે ? **ANSWER - B**

(A) 15 Km (B) 17 Km

(C) 19 Km (D) 21 Km

90) એક ટ્રેન 92.4 કિમી/કલાકની ઝડપે ચાલે છે. તે ટ્રેન 10 મિનીટમાં કેટલું અંતર કાપશે ? **ANSWER - B**

(A) 14500 મીટર (B) 15400 મીટર

(C) 15200 મીટર (D) 14700 મીટર

91) છૂટી ગયેલા અક્ષરને શોધો. **ANSWER - A**

U O I ___ A

(A) E (B) C

(C) S (D) G

92) છૂટી ગયેલા અક્ષરોને શોધો. **ANSWER - C**

Y W U S Q ___ ___

(A) N J (B) M L

(C) O M (D) J R

93) છૂટી ગયેલા અક્ષરોને શોધો. **ANSWER - C**

AZ, BY, CX, ___ ___

(A) EF (B) JH

(C) DW (D) DE

94) ભારતના કયા રાજ્યમાં પ્રથમ પોલીસ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ હતી ? **ANSWER - C**

(A) ઝારખંડ (B) રાજસ્થાન

(C) ગુજરાત (D) મધ્ય પ્રદેશ



ParikasaPath . pariksapath.in

95) નીચેનામાંથી કયા પોલીસ અધિકારીના સરકારી વાહન પર 4 સિતારા હોય છે ? **ANSWER - B**

(A) Director, CBI

(B) Director, IB

(C) Director, National Police Academy

(D) Director General, NSG

96) હૈદરાબાદમાં નેશનલ પોલીસ એકાડમીની સ્થાપના ક્યારે થઈ ? **ANSWER - B**

(A) 1970 (B) 1975

(C) 1980 (D) 1985

97) ઉત્તરપ્રદેશ રાજ્યમાં વિધાનસભાની કેટલી બેઠકો છે ? **ANSWER - B**

(A) 395 (B) 403

(C) 417 (D) 421

98) ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદ કયા રાજ્યનાં છે ? **ANSWER - B**

(A) કેરળ (B) તમિલનાડુ

(C) આંધ્ર પ્રદેશ (D) તેલંગાણા

99) ગુજરાતમાં પાવાગઢ પર્વતની અંદાજીત ઊંચાઈ કેટલી છે ? **ANSWER - B**

(A) 500 મીટર (B) 800 મીટર

(C) 1100 મીટર (D) 1500 મીટર

100) પ્રેસ કાઉન્સીલ ઑફ ઈન્ડિયાના ચેરમેન કોણ છે ? **ANSWER - A**

(A) જસ્ટીસ સી.કે. પ્રસાદ (B) જસ્ટીસ માર્કંડેય કાટજૂ

(C) જસ્ટીસ એમ. કે. ચતુર્વેદી (D) જસ્ટીસ દિપક વર્મા

⊖⊖⊖



PariksaPath . pariksapath.in

## બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પેપર ડાઉનલોડ કરો.

જે તે પરીક્ષા ના જુના પેપર અને આન્સર કી ડાઉનલોડ કરવા માટે નીચે આપેલા પરીક્ષાના નામ પર ક્લિક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | તલાટી | બિન સચિવાલય ક્લાર્ક | પોલીસ ઈન્સ્પેક્ટર | નાયબ ચીટનીસ |
| સેનેટરી ઈન્સ્પેક્ટર | હાઈકોર્ટ બેલીફ | જુનીયર ક્લાર્ક | સીનીયર ક્લાર્ક | વિદ્યુત સહાયક |
| મુખ્ય સેવિકા | સ્ટાફ નર્સ | હાઈકોર્ટ ક્લાર્ક | હાઈકોર્ટ પટાવાળા | લેબ આસીસ્ટન્ટ |
| એકાઉન્ટ ઓફિસર | CTET | ટેકનીકલ આસીસ્ટન્ટ | TET | GSRTC કંડક્ટર |
| સ્પીપા | HTAT | નાયબ મામલતદાર | ફોરેસ્ટ ગાર્ડ | GSRTC ક્લાર્ક |
| GPSC સહાયક | TAT | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | GPSC STI | ફીમેલ હેલ્થ વર્કર |
| RFO | સર્વેયર | જમાદાર | GSSSB ઈન્સ્પેક્ટર | ચીફ ઓફિસર |
| MPHW | લેબ ટેકનિશિયન | આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર | ATDO | એકાઉન્ટન્ટ |

સરકારી નોકરીની માહિતી માટે દરરોજ દિવસ એકવાર તો WWW.RKHACK.COM ની મુલાકાત લો. મફત મટેરિયલ ડાઉનલોડ કરવા માટે WWW.GKNEWS.IN વેબસાઈટ પર જાઓ.

જોડાઓ અમારી સાથે

અને ખાસ, જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા હોવ તો અમારી સાથે અત્યારે જ જોડાઈ જાઓ. જોડવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો.

Join Us on WhatsApp 94092 31939
Join Us On Telegram @gknews_in
Follow Us On Instagram @gknews_in
Subscribe Our Channel @gknews_in
Like Our FB Page @gknews.in
Follow Us On Sharechat @gknews_in

Thank You